રાજ્ય સરકારના અધિકારી/કર્મચારીઓના
Database સાથે આધારનંબર Link કરી DBT
Mode પર Payment કરવા બાબત....

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
પરિપત્ર ક્રમાંક: તજર/૧૦૨૦૧૩/૭૮૫(૧)(૪૯૫૨૦૨)ઝ(પાર્ટ ફાઇલ)
સચિવાલય,ગાંધીનગર.
તા.૨૨/૮/૨૦૧૬

ભારત સરકાર દ્વારા પેન્શનરોના કિસ્સામાં તેઓને હયાતીની વાર્ષિક ખરાઇ કરાવવામા વધુ સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે જીવન પ્રમાણ યોજના હેઠળ તેઓને આધારનંબર સાથે Link કરવાની યોજના અમલી બનાવેલ છે. આ યોજનાને વધુ વિસ્તૃત કરી પગારના ચુકવણામાં સરકારી નાણાંની સુરક્ષા હેતુ રાજ્ય સરકારના અધિકારી/કર્મચારીઓના Database સાથે આધારનંબર Link કરવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી. હાલ, રાજ્ય સરકારમાં પગારનું ચુકવણું ઇ-પેમેન્ટ પધ્ધતિથી કરવામાં આવે છે, તે સંદર્ભે રાજ્યના તમામ અધિકારી/કર્મચારીઓ પાસેથી આધાર નંબર મેળવી તે અધિકારી/કર્મચારીના Database સાથે આધાર નંબર Link કરવાનું તથા DBT Mode પર પગારનું ચુકવણું કરવાનું રાજ્ય સરકાર દ્વારા નક્કી થયેલ છે.

ઉકત વિગતે અધિકારી/કર્મચારી જે બેંક એકાઉન્ટમાં થી પગાર મેળવતા હોય એ બેંક એકાઉન્ટ સાથે જે-તે અધિકારી/કર્મચારીનો આધાર નંબર Link કરવાનો રહેશે. તે માટે અધિકારી/કર્મચારીઓને Unique Identification Authority of India દ્વારા આપવામાં આવેલ આધાર નંબર તેઓ પાસેથી મેળવી IFMS માં અધિકારી/કર્મચારીના ઉપલબ્ધ Database માં આધાર નંબર Link કરવા માટે સંબંધિત ઉપાડ અને વહેંચણી અધિકારીએ આધાર નંબર અધિકારી/કર્મચારીના Database માં Upload કરવા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવાની રહેશે. જે અધિકારી/કર્મચારીએ આધાર નંબર મેળવેલ ન હોય તેઓએ તાત્કાલિક આધાર નંબર મેળવી લેવા જણાવવાનું રહેશે. વધુમાં, આધાર નંબર તેઓના પગાર જમા થતાં બેંક એકાઉન્ટ સાથે Link કરવા બાબતે સંબંધિત અધિકારી/કર્મચારી પાસેથી Consent Letter મેળવવાનો રહેશે. આ રીતે આધાર નંબર તથા બેંક એકાઉન્ટ નંબર મેળવ્યા પછી આ બેંક એકાઉન્ટ નંબર જે-તે અધિકારી/કર્મચારીનો જ છે તેની ચકાસણી ઉપાડ અને વહેંચણી અધિકારીએ કરી, તેના દ્વારા તે નંબરની ચકાસણી થયેલ છે તે મુજબના પ્રમાણપત્ર સાથે વિગતો નિયામકશ્રી, હિસાબ અને તિજોરી કચેરી, ગાંધીનગર ને મોકલી આપવાની રહેશે.

રાજ્ય સરકારની તમામ કચેરીઓના અધિકારી/કર્મચારીઓના Database સાથે આધાર નંબર Link કરવા હેતુ તમામ અધિકારી/કર્મચારીઓએ Unique Identification Authority of India દ્વારા આપવામાં આવેલ આધાર નંબરની સ્વયં પ્રમાણિત નકલ સંબંધિત ઉપાડ અને વહેંચણી અધિકારીને આપવાની રહેશે.

... પાછળ .....

ઉકત કામગીરી તા.૩૧/૧૦/૨૦૧૬ સુધીમાં અચૂક પુર્ણ કરવાની રહેશે.

આ પરિપત્રનો અમલ તાત્કાલિક કરવાનો રહેશે.

(કે. કે. પટેલ)
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. *
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી. ગાંધીનગર.
- માન.વિરોધપક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન.મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર. *
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર. *
- સચિવશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ. *
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ. *
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, અમદાવાદ. *
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર. *
- સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ. *
- સચિવાલયના સર્વે વિભાગો, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ અને સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ) અમદાવાદ/રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) અમદાવાદ/રાજકોટ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર.
- સર્વે ખાતાના વડાઓ/ કચેરીના વડાઓ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે તિજોરી અધિકારીશ્રીઓ/ સર્વે પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
- નાણા વિભાગના તમામ અધિકારીશ્રીઓ/ શાખાઓ – નાણા શાખા સહિત
- સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ – વેબ સાઇટ ઉપર મુકવા માટે
- સીલેકટ ફાઇલ – ઝ શાખા

- પત્ર દ્વારા